

**બાળવાર્તા**

હાથીએ કહ્યું, " હું મોટો છું."

વાંદરાએ કહ્યું, " હું મોટો છું."

હાથી અને વાંદરો જંગલમાં રહેતા હતા. બન્નેમાં પાકી મિત્રતા હતી. એક વખત અભિમાનને કારણે બન્નેમાં મોટો કોણ એ બાબત પર ઝગડો થઈ ગયો. બન્નેએ પોતપોતાના અભિમાનને લીધે ‘હું’ મોટો એવો દાવો કર્યો.

હાથીએ કહ્યું, "અરે ગાંડા , તું મારું પહાડ જેવું શરીર તો જો. તું મારી પાસે શી વિસાતમાં ? જો હું કેટલો મોટો અને બળવાન છું"

વાંદરાએકહ્યું, "બડાશ મારવાથી શું ફાયદો ? ચાલ, સામેના ઝાડ પર ચઢીએ. કોણ ચઢી જાય છે ?"

બન્નેમાં ઘણા સમય સુધી બોલાચાલી થઈ. પરંતુ કોઈ ચોક્કસ નિર્ણય પર ન આવી શકયા. આખરે પંચ પાસે ફેંસલો કરાવવાનું નક્કી કર્યું.

વાંદરાએ કહ્યું, "હાથીભાઈ,રીંછ ખૂબજ ચતુર અને ગંભીર ગણાય છે. ચાલો રીંછની પાસે ફેંસલો કરાવીએ."

હાથી અને વાંદરો રીંછ પાસે ગયા. બધી વાત સાંભળી, જરા આંખો ઝીણી કરી, ધીમે સાદ કહ્યું, "એક કામ કરો. સામેની નદીની પેલી બાજુએ એક આંબાનું ઝાડ છે. એની સૌથી ઉપલી

ડાળી પર ત્રણ પાકી કેરી લટકેલી છે. એ પહેલાં તમે મને લાવી આપો પછી હું તમારો ફેંસલો કરીશ."

નદીની પાસે પહોંચતાંજ વાંદરો ઢીલોઢસ થઈ ગયો. નદી પુર જોશમાં વહી રહી હતી. બીચારો વાંદરો નદી કેવી રીતે પાર કરે ?

હાથીએ કહ્યું "ડરે છે ? આવ, મારી પીઠ પર બેસી જા." હાથી મસ્ત રીતે ડોલતો ડોલતો સહેલાઈથી નદી પાર કરી ગયો.

આંબાનું ઝાડ ઘણું જૂનું અને ખૂબ જ ઊંચું હતું. એની ઊંચી ડાળી પર લટકતી ત્રણ પાકી કેરીને લેવા માટે હાથીએ પોતાની સૂંઢને ખૂબ જ ઊંચી કરી પરંતુ ત્યાં સુધી પહોંચી શકી નહિ.

હાથીએ ડાળીને સૂંઢ વડે નીચી નમાવવા માટે પણ ખૂબ જ પ્રયત્ન કર્યો પરંતુ એમાં એને સફળતા ન મળી.

એટલે વાંદરાએકહ્યું, "હાથીભાઈ, જરા ઊભા રહો. હું હમણાંજ કેરી તોડીને લાવી આપું છું. એમાં છે શું ?

વાંદરો ઝડપથી ઝાડ પર ચડી ગયો. પલકમાં જ કૂદકો મારી કેરી તોડીને નીચે આવી ગયો. હાથીની પીઠ પર બેસી ફરીથી પહેલાની જેમ નદી પાર કરી લીધી.

બન્નેએ રીંછની સેવામાં ત્રણે કેરી હાજર કરી દીધી. રીંછે કહ્યું ,"તમે આ કેરી કેવી રીતે લાવ્યા તે મને જણાવો."

હાથી અને વાંદરાએ આખી વાત સાચેસાચી કહી દીધી.

રીંછે કહ્યું ,"બસ નિર્ણય થઈ ગયો. તમે જ કહો બન્નેમાં કોણ મોટું છે ? શું વાંદરાભાઈ, તમે એકલા નદી પાર કરી શકતા ? અને હાથીભાઈ, તમે એકલા શું ઊંચી ડાળી પરથી કેરીઓ તોડી શકતા ? બન્ને પોતપોતાના કામમાં મોટા છો. કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી. સારું જાઓ, ફરીથી આવી રીતે કદી લડશો નહિ."

આપણે મોટાઈનું અભિમાન ન કરવું જોઈએ. સંસારમાં કોઈ નાનોમોટો નથી. બધા જ પોતપોતાના કામમાં મોટા છે. સંસારનું કામ હળીમળીને ચાલતું હોય છે. એટલે આપણે કદી અહંકાર ન કરવો જોઈએ. બધા સાથે પ્રેમથી રહો. ભગવાનનો આદેશ છે "જે અહંકારને જીતે છે તે સંપૂર્ણ વિશ્વને જીતે છે."

સૌજન્ય : બૌદ્ધિક યોજના ૧૯૮૦